વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ

ક્રિએટીવ સંકુલ દ્વારા સંચાલિત પંચશીલ સ્કૂલનું માસિક


વર્ષ : ૧૧ | અંક : ૧૦૭ | પેઈજ : ૧૨

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | ઓગષ્ટ : ૨૦૨૨ | સંયોજક : યોગીરાજસિંહ જાડેજા






શિવનગર મેઈન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.

ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33

Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com

# Story time



એક ખેડૂત કસબામાંથી ખરીદી કરીને પોતાને ગામ જઇ રહયો હતો.એણે પોતાના બાળકો માટે જલેબી બંધાવી હતી. રસ્તે ચાલતા ચાલતા એને જલેબી ખાવાનું મન થયું. એણે તો ચાલતાં ચાલતાં જ પછેડીના છેડે બાંધેલું જલેબીનું પડીકું ખોલ્યું અને અંદરથી એક જલેબી કાઢી. પણ તેની સાથે બીજી જલેબી ચોંટી રહેલી તે નીચે ધૂળમાં પડી ગઇ તેનો અફસોસ કરતો કરતો આગળ ચાલવા માંડયો. હવે ત્યાં ઝાડ પર બેઠેલી એક સમડીએ પેલી જલેબી જોઇ. અળસિયું સમજીને એણે ઝપટ મારી જલેબીને ચાંચમાં પકડી અને ઉડવા માંડી. અને બાજુના જંગલમાં ઘુસી ગઇ. ત્યાં એક ઝાડ પર બેસીને એ જલેબી ખાવા ગઇ. પણ એને ભાવી નહિ. એટલે એણે નીચે ફેંકી દીધી અને એ પાછી ઉડીને દૂર કયાંક નીકળી ગઇ.



હવે બે ત્રણ માખીઓ એ જલેબી પર બેઠી અને તેનો મીઠો રસ ખાવા લાગી. ત્યાં જ એક સિંહ આવ્યો અને એ જલેબીના ટુકડા પર જ લાંબો થઇ બેસી ગયો. જલેબીના ટુકડા એના દેહ નીચે દબાઇ ગયા.

માખીઓએ સિંહને કહયું, મહારાજ ! આપના શરીર નીચે અમારો ખોરાક દબાઇ ગયો છે. જરા ઉઠો ને !

‘શું ? તમારે ખાતર હું ઉઠું ?’ જા....જા હવે બીજું કંઇ ખાઇ લો.

‘મહારાજ એ અમારું ભાવતું ભોજન છે. માંડ માંડ આ જંગલમાં મળ્યું છે. અમને ખાવા દોને!’ માખીઓએ તો સિંહને વિનંતી કરી.

‘અરે, બે ટકાની માખીઓ, શું કચકચ કરો છો ઘડીક જંપવાયે દેતા નથી. ભાગો અહીંથી. નહિ તો તમારા બાર વગાડી દઇશ.’ સિંહ તો ગુસ્સે થઇ ગયો અને માખીઓને ઉડાડી મૂકી પણ માખી જેનું નામ તેઓને થયું, આ સિંહ એના મનમાં સમજે છે શું ? અભિમાન તો રાજા રાવણનુંય નથી રહયું. ત્યારે આ તો સિંહ છે એને બતાવી આપવું જોઇએ કે, તું માને છે એવા તુચ્છ અમે નથી. ભલે અમારું શરીર નાનું રહયું. અને માખીઓ તો સિંહના નાક પર, મોં પર જઇને બેઠી એમ માખી સિંહના કાનમાં ગણગણવા લાગી સિંહ માથું હલાવી હલાવીને કંટાળ્યો... પછી નાક ઘસવા લાગ્યો... કાન ઘસવા લાગ્યો... મોં ઉઘાડબંધ કરવા લાગ્યો... પણ માખી ધીરજથી લાગી જ રહી. સિંહને હેરાન કરતી જ રહી. સિંહ અત્યંત કંટાળી ગયો અને થાકી ગયો.

ન તો માખી ભાગી જતી હતી... ન તો મરતી હતી... એણે માખીઓને કહયું, ભાઇસાબ બહું થયું, લો હું હાર્યો અને ઊઠયો ખાઓ તમારા બત્રીસ પકવાન કહીને સિંહ ઉભો થયો અને એ જગ્યા છોડીને ચાલતો થયો.

માખીઓ તો આનંદથી નાચી ઉઠી અને ફરી જલેબી ખાવા મંડી પડી.

**બોધ : ‘નાના માણસો પણ કોઇ વાર પોતાની વિશિષ્ઠ શકિતને લીધે વધુ શકિતશાળી ઠરે છે માટે તેમની શકિતને ઓછી ન આંકવી.’**

ગળધરીયા જેની આર., ધો. ૪

## હસો અને હસાવો..

બિટુ : પપ્પા, હું મમ્મીથી નારાજ છું, હું આજે રોટલી નહીં ખાઉ.
પપ્પા : તો પછી શું ખાઇશ ?
બિટુ : પરાઠા ખાઇને ચલાવી લઇશ.

બંટી : મારી ઘડિયાળ ખોરાઇ ગઇ છે, શું તેં કયાંય જોઇ ?
પિંકી : ના, શું એ ઘડિયાળ ચાલતી હતી ?
બંટી : હા, ચાલતી હતી.
પિંકી : તો ચાલતાં ચાલતાં કયાંક જતી રહી હશે.



શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓએ પણ આ મેગેઝીનમાં સ્વરચિત રચનાઓ (કવિતા, વાર્તા વગેરે) કે પોતાના વિચારો રજૂ કરવા માટે આવકારવામાં આવે છે.
યોગ્ય કૃતિ કે વિચારને સ્થાન મળશે. મેગેઝીનમાં કૃતિ કે વિચાર પ્રકાશિત કરવા માટે આખરી નિર્ણય સંપાદકનો માન્ય ગણાશે.


















ટ્રાફિક સમસ્યા જાગૃતિ થકી જીવન સુરક્ષા અંતર્ગત શાળામાં ટ્રાફિક અંગેની જાગૃતિ માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
જેમાં RTO પ્રતિક લાઠીયા સાહેબ, ટ્રાફિક એક્સપર્ટ જે.વી.શાહ સાહેબ,
શેર વીથ સ્માઈલ NGO નાં કપિલ પંડયા અને ગિરીશભાઈ જોષી ઉપસ્થિત રહયાં હતાં.







શાળામાં ધો.૭ થી ૧૧ ની વિદ્યાર્થીઓ માટે ‘સ્લો સાઈકલીંગ’ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.



## દડા જેવી પફર ફિશ



માછલીઓ જોવી બાળકોને ખૂબ ગમતી હોય છે. પફર ફિશ પણ આવી જ મજેદાર છે. તેના શરીરનાં આકારના કારણે તે ઓળખાય છે. તે મુખ્યત્વે ટેટ્રોડોન્ટિડે માછલીઓની પ્રજાતિ છે.

આ પ્રજાતિઓમાં બલૂનફિશ, બ્લોફિશ, બબલફિશ, બ્લીઝ, ગોનફિશ, સ્કીલફિશ તેમજ ટોડફિશ જેવી અનેક માછલીનો સમાવેશ થાય છે. પફરફિશ તેના દડા જેવા આકારના શરીરના કારણે ઓળખાય છે. આ માછલી દેખાવે બોલ જેવી લાગે પણ તે ઝેરી છે. જાપાનના લોકોને ખ્યાલ હોય છે કે, કયો ભાગ ઝેરી છે. તેને ખોરાક તરીકે લઇ શકાય નહીં.

પફરફિશ દુશ્મન સામે મોં મા પાણી ભરી દડા જેવી બની જાય છે જેથી બીજી માછલી તેને ખાઇ શકે નહીં. પફરફિશ મુખ્યત્વે ખારા પાણીની માછલી છે. તેનું ભોજન વાતાવરણ પર આધારિત છે. પફરફિશને સર્વભક્ષી ગણવામાં આવે છે. પરંતુ અમુક વાતાવરણમાં તે શાકાહારી બની જાય છે. પફરફિશની બીજી વિશેષતા એ છે કે, આ માછલીના શરીરે ઝીણા ઝીણા કાંટા હોય છે. તેને જ્યારે એવું લાગે કે કોઇ માછલી તેની નજીક આવે છે ત્યારે તે પોતાના કાંટા બહારની બાજુ કરી નાંખે છે. તેથી તે સરળતાથી શિકારીની ચુંગાલમાંથી બચી શકે છે. પફરફિશનાં કાંટા શિકારી માટે ભયાનક સાબિત થાય છે. કારણ કે, તે કાંટાની અંદર ઝેરી પદાર્થ હોવાના કારણે તે શિકારીને હાની પહોંચાડી શકે છે.

તે ખોરાકમાં શેવાળ, નાના જીવો, દેડકા, નાની માછલીઓ, દરિયાઇ ઘોડા તેમજ જેલીફિશ લે છે. તે મીઠા પાણીમાં ભાગ્યે જ જોવા મળે છે.

ગોંડલીયા માહી આર., ધો. ૩




## સૌ પ્રથમ કેમેરા લાકડામાંથી બનાવવામાં આવતાં હતા

કેમેરા શબ્દ લેટીન શબ્દ કેમેરા ઓબ્સક્યુર પરથી આવ્યો હતો, જેનો અર્થ અંધારો રૂમ થાય છે. આ નામ રાખવા પાછળનું કારણ એ છે કે, ફોટો પાડતી વખતે રૂમમાં અંધારૂ હોય છે. કેમેરો સૌથી પહેલા કેમેરા ઓબ્સક્યુરરૂપે આવ્યો હતો. તેની શોધ ઈરાકનાં વૈજ્ઞાનિક ઇબ્ન-અલ-હઝેને ૧૦૧૫-૧૦૨૧મી સદી દરમિયાન કરી હતી. ત્યારબાદ અંગ્રેજ વૈજ્ઞાનિક રોબર્ટ બોયલ તેમજ તેનો સાથી રોબર્ટ હુકે ૧૬૬૦માં પોર્ટેબલ કેમેરો બનાવ્યો હતો. પેરિસમાં ચાર્લ્સ અને વિન્ટેંગે ચેવલિયર દ્વારા બનાવેલી એક સ્લાઈડિંગ લાકડાનાં બોક્સવાળો કેમેરાનો ઉપયોગ કરીને પહેલો ફોટો પાડયો હતો. ત્યારબાદ ૧૮૩૦ના દાયકામાં અંગ્રેજ વૈજ્ઞાનિક ફોક્સ ટોબ્લોટે કેમેરામાં પડતા ફોટાને વધારે સુંદર બનાવવા માટે ચાંદીનાં વરખનો ઉપયોગ કર્યો હતો.

ઘેલાણી હાર્ગી., ધો. ૧૧

## TABLE OF TIME MEASURE

| | | | |
|---|---|---|---|
| 60 Second | 1 Minute | 12 Months | 1 Year |
| 60 Minutes | 1 Hours | 365 Days | 1 Common Year |
| 24 Hours | 1 Day | 366 Days | 1 Leap Year |
| 7 Days | 1 Week | 100 Years | 1 Century |
| 30 Days | 1 Calendar Month | | |

સાવિજ ઉર્જા એ., ધો. ૪.

व्यसन मुक्ति
अभियान






બ્રહ્મકુમારીઝ સંસ્થા અને પંચશીલ સ્કૂલના સંયુકત ઉપક્રમે અલવિદા વ્યસન એક મુકિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીશ્રીઓએ પણ વ્યસનનો ત્યાગ કર્યો હતો. જે વાલીશ્રીનું શાળા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

**આળસને તમે તેને માત્ર 'આજ' આપો છો, પણ તે તો તમારી 'કાલ' ચોરી જાય છે.**







# બાળકને અભ્યાસમાં અવરોધતા પરિબળો

જીવન જીવવાની ઘણી બધી રીતભાત હોય છે, ઘણાબધા રસ્તાઓ હોય છે. આપણે એક શ્રેષ્ઠ માતા પિતા તરીકે એવા કયાં રસ્તાઓ પસંદ કરીશું જેથી કરીને આપણે આપણા સંતાનોમાં દીકરી હોય તો કરિયાવર શાનો કરીશું ? તો આનો માત્ર ને માત્ર એક જ જવાબ છે કે : દીકરીને વિદાયવેળા કોઇ વાહનમાં મોકલવો પડે એવો કરીયાવર ન આપો ચાલશે અને દીકરાને સંપતિના દસ્તાવેજ ન આપો તો ચાલશે, પણ એને ફકત સારામાં સારું શિક્ષણ અપાવો બાકી તો એ જાતે લડી લેશે ! તો આવો જોઇએ થોડી એવી ‘ કડવી વાણી પણ પી જાણી ’ :–

**(૧) માતા - પિતાનું તપોબળ :-** જેમ વિદ્યાર્થી અવસ્થા તપની અવસ્થા છે એ જ રીતે પતિ - પત્ની વૃદ્ધિ થયા બાદ માતા-પિતા બન્યા એટલે તપની અવસ્થાનું પ્રથમ પગથિયાનું ચઢાણ શરૂ થયું એમ માનજો ! સંતાનને પ્રથમ શિક્ષા જ માતા - પિતા દ્વારા અર્પણ થતી હોય છે. સંતાનની શિક્ષણને લગતી કોઇપણ જરૂરિયાત સંતોષવી પછી ચાહે એ સમયદાન હોય, ધન-દાન હોય, શ્રમદાન હોય કે પછી અન્ય કોઇપણ પ્રકારનું કાર્ય હોય. એક સફળ વિદ્યાર્થી પાછળ એક તપસ્વી માતા પિતાનો હાથ અને સાથ હોય છે.

**(૨) ઉત્સાહમાં વૃધ્ધિ :-** ઉત્સાહ માણસમાં નવી શકિતનો સંચાર કરે છે. મહાભારતમાં અર્જુનની જીત માટે કૃષ્ણનો ઉત્સાહ એક પ્રેરકબળનું કામ કરી ગયો. જયારે દૂર્યોધન, દુશાસન અને કર્ણની હાર માટે પિતામહ ભીષ્મ, શલ્પ અને બીજા કૈંક યોધ્ધાઓનો નિરુત્સાહ સ્પષ્ટ જણાતો હતો. શ્રેષ્ઠ માતા પિતા પણ કૃષ્ણવૃતિ અપનાવીને પોતાના બાળકની જીત માટે સતત એના ઉત્સાહમાં વૃધ્ધિ કરતા રહેશે તો બાળક આપોઆપ જીતી જશે.

**(૩) માતા - પિતાને સહેલું પડે એમ નહિ ! :-** જે ઘરમાં શિક્ષાને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવતું હોય, એવા ઘરોમાં તો માતા પિતા એમના સંતાનોને માટે કંઇપણ કરી છૂટવા માટે તૈયાર હોય છે. પરંતુ જે ઘરમાં શિક્ષણની વારેવારે ઉપેક્ષા થતી હોય છે, તેવા ઘરમાં માતા પિતા પ્રથમ પોતાના સ્વાર્થને અને અહંમને પોષવા ખાતર સંતાનોના ભવિષ્યને એરણ પર ચડાવે છે. માતા પિતાને સરળ હોય તેવો રસ્તો એ પહેલા અજમાવે છે. જેમ કે પોતાના બાળકના શિક્ષણના ભોગે એને પોતાના મોજ શોખમાં ભાગીદાર બનાવે છે.

**(૪) આપણી મોજ નહિ સંતાનની મજા જુઓ :-** વર્તમાન સમયને અનુલક્ષીને વાત કરીએ તો ભૌતિક રીતે નહિ પણ માનસિક રીતે દુનિયા ખુબ જ નાની થઇ ગઇ છે. અત્યારે ટેકનોલોજીમાં ફાલ્યો - ફૂલ્યો જતો માનવી ભૂતકાળને અથવા તો ઇતિહાસને ખૂબજ પાછળ છોડીને આગળ ને આગળ ચાલ્યે જ જાય છે. ચોતરફ મનોરંજનના મેવાવડા જામેલા નજરે પડે છે. ટૂંકમાં કહીએ તો ખાવું, પીવું, હરવું, ફરવું, રખડવું, મોજમસ્તી કરવી વગેરે, વગેરે કે જેને આપણે આપણી દુનિયા કહીએ છીએ. આજ દુનિયામાં આપણા બાળકો મોટા થઇને ઉછરતા જાય છે. આપણે એને જીવનની એક જ બાજુ બતાવી છે, કે જયાં એ ફકત એશોઆરામ અને સુખસુવિધામાં મહાલવાના જ રસ્તાઓ ખુલે છે. જયારે જીવનની બીજી બાજુ કે જયાં અગવડતાઓનો આધાર, કષ્ટીનું કાવડ, દુઃખ દર્દનો દરિયો ઘુઘવાટા કરે છે એ આપણા સંતાનને બતાવતા કયાંક આપણે ચુકી તો નથી ગયા ને ?

**(૫) સંતાનને સમયદાન આપો :-** દાન એ પુનઃ કમાવવા માટેનું ઉતમ માધ્યમ છે, એવું શાસ્ત્રો અને ઉપનિષદોનું કથન છે. કળયુગમાં પૈસા જ સર્વશ્રેષ્ઠ દાન છે એવી જડતાભરી વિચારધારા આજના સમયમાં વ્યાપકપણે ફેલાયેલી છે, અને આજના યંત્રમાનવીના મનમાં ઘર કરી ગઇ છે. મોટી મોટી હોસ્પિટલોમાં જેટલું ધન-દાન આપનારને પુણ્ય મળે છે એટલું જ પુણ્ય રસ્તા પર તરફડતા કોઇ માણસને સમયસર હોસ્પિટલ પહોચાડનારને મળે છે. ફકત દાનનો પ્રકાર જ બદલાયો છે. આ બદલાયેલા પ્રકારમાં એક પ્રકાર સમયદાનનો પણ છે ! સંતાનને દિવસમાં એક વખત સમય દાન કરો પછી એની પાસે કોઇ પ્રકારની માંગણીઓ કે અપેક્ષાઓ રહેશે જ નહિ. દરેક સંતાનના અનુસંધાનમાં એના માં બાપ માટે ઉત્તમોત્તમ દાન છે સમયદાન !


**(૬) પોતાના પથની પસંદગી :-** કયાં રસ્તે ચાલવું અને કયાં રસ્તે ન ચાલવું એની પસંદગી માનવમનની પરિપકવતા દર્શાવે છે. આ દુનિયાના કોઇપણ માતા પિતા એના બાળકને ભરપૂર પ્રેમ આપી શકે, એના પર આવનારી મુસીબતો પોતાના તરફ વાળી શકે, એને સાથ સહકાર આપી શકશે, એનો ઉત્સાહ બમણો કરી શકશે, બસ ફકત એની કારકિર્દીની ચૂંટણી નહિ કરી શકે. સંતાનની કારકિર્દી માત્ર ને માત્ર એક જ વ્યકિત ઘડી શકે અને એ વ્યકિત એટલે આપણું સંતાન પોતે ! એનો જન્મ જ થયો છે ટેકનોલોજી વિકસાવવા માટે અને તમે તમારા સપના એમના પર ઠોપીને એમને ડોકટર બનાવશો તો એ કશું ભલુવાર કરી શકશે નહીં એ વાત ઘણી યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા પુરવાર થઇ ચુકી છે.

**(૭) આર્થિક અગવડતાથી એને અજાણ રાખો :-** આ અર્થ પર અર્થ વગર કશાનો અર્થ નથી. ડોન્ટ વરી ! સમજાવું છું. વાકયમાં પહેલો અર્થ એટલે પૃથ્વી, બીજો અર્થ એટલે નાણું, અને ત્રીજો અર્થ એટલે મતલબ. હવે વાકય ગોઠવીને વાંચી લેજો. આ દુનિયામાં સૌથી મોટી ભીડ એટલે નાણાભીડ છે, જેમાંથી માનવી જટ દઇને બહાર નીકળી શકતો નથી. પરંતુ જો કરકસર નામનું તત્વ અસરકાર બને તો જીવન પૂર્ણિમાનો ચંદ્ર છે, નહીંતર અમાવસ્યાનો ! સંતાનને સારું શિક્ષણ અપાવવા માટે જીવનમાં થોડી કરકસર (લોભ નહિ) જરૂરી બને છે. પરંતુ એ કરકસરની કે નાણાની અછતની જાણ સંતાનને ન થાય એ ખુબ જ જરૂરી બાબત છે.

સૈજા દિયા પી., ધો. ૩.




ઈંગ્લીશ મિડીયમ વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીશ્રીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામનો આયોજન કરવમાં આવેલ હતું.



ઈંગ્લીશ મિડીયમના વિદ્યાર્થીઓએ ગાંધી મ્યુઝીયમની મુલાકાત લીધેલ હતી.

UPSC
Union Public Service Commission
Civil Service



(IAS, IPS, IRS, IFS, અધિકારી બનવા માટે સચોટ માર્ગદર્શન)

→ UPSC શું છે ? તેની તૈયારી કઈ રીતે કરવી ? UPSC ની એક્ઝામ કોણ આપી શકે ? UPSC ની ભરતી કેટલા વર્ષે થાય ? UPSC નો સિલેબસ શું છે ? UPSC ની ભરતીમાં કઈ સર્વિસ મળે ? UPSC વગેરે સવાલો તમને થતા હશે !

→ UPSC નું પુરું નામ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન છે. → UPSC એ કલાસ ૧ ની એક્ઝામ લે છે. આઈએસ, આઈપીએસ, આઈએફએસ, આઈ આર એસ, જેવા અધિકારી બનવા માટે UPSC એક્ઝામ આપવી પડે. UPSC ઈન્ડિયન ઈકોનોમિક સર્વિસ, ઈન્ડિયન એન્જિનિયરિંગ સર્વિસ જેવી સર્વિસની પણ એક્ઝામ લે છે.

## UPSC ની એક્ઝામ ત્રણ ભાગમાં હોય છે.

→ પ્રિલિમ એક્ઝામ → મેઈન એક્ઝામ → ઈન્ટરવ્યૂ એક્ઝામ

## પ્રિલીમ પરીક્ષાના બે પેપર હોય છે.

→ બંને પેપર ૨૦૦ માર્કના હોય છે.
→ જો તમે બીજા પેપરમાં ૬૬ માર્ક કે તેનાથી ઉપર આવે તો જ તમારું પેપર ૧ ચેક થાય છે.
→ તમારા પેપર ૧ ના માર્ક ઉપરથી મેરીટ બને કે તમે મુખ્ય પરીક્ષા આપી શકો કે નહિ. (બીજા પેપરના માર્ક ગણાતા નથી.)
→ ત્રણેક મહિના પછી તેનું રીઝલ્ટ આવે, જો તમે પ્રથમ પેપરમાં સારા માર્ક હોય તો તમે મુખ્ય પરીક્ષા આપી શકો.
→ પ્રિલીમ પરીક્ષામાં પાસ થવાનું છે તેના માર્ક ફાઈનલ રીઝલ્ટમાં ગણાતા નથી.

## મુખ્ય પરીક્ષા

→ મુખ્ય પરીક્ષામાં કુલ નવ પેપર હોય છે.
→ અંગ્રેજી (જે બધા ઉમેદવાર માટે કોમન છે, પાસ થવા માટે ૩૦૦ માંથી ૭૫ ગુણ આવવા જરૂરી છે.)
→ બીજું પેપર ભાષાનું હોય છે, (બંધારણની ૮મી અનુસૂચિમાં ૨૨ ભાષામાંથી તમે ગમે તે પસંદ કરી શકો.
→ તેમાં ગુજરાતી પણ છે ચિંતા ના કરો, તેમાં પણ પાસ થવા ૩૦૦ માંથી ૭૫ માર્ક આવવા જરૂરી છે.)
→ આ બંને પેપરમાં પાસ થવું જરૂરી છે આના માર્ક મુખ્ય પરીક્ષામાં ગણાતા નથી.

## મુખ્ય પરીક્ષામાં ૭ પેપરના માર્ક ગણાય છે જે નીચે મુજબ છે.

→ નિબંધનું પેપર → ચાર જનરલ સ્ટડીના પેપર
→ બે optional ના પેપર (જે તમારે નક્કી કરવાનો હોય છે, જે વિષય રાખવો હોય તે, ભાષા પણ રાખી શકાય, UPSC એ નક્કી કરેલા વિષય માંથી જ)
→ આ સાત પેપરમાં ૨૫૦ માર્કના હોય છે.
→ ૩ મહિના પછી તેનું રિઝલ્ટ આવે છે જો તમે પાસ થાવ તો તમારું ઈન્ટરવ્યૂ થાય (જે માટે દિલ્હી જવું પડે.)

## ઈન્ટરવ્યૂ

→ ઈન્ટરવ્યૂ કુલ ૨૭૫ માર્કનું હોય છે. → ઈન્ટરવ્યૂ માં તમારા સ્નાતકના મુખ્ય વિષય, દેશની સમસ્યા અને તેના નિવારણ, આંતર રાષ્ટ્રીય સંબંધ, તમે જે જિલ્લા કે તાલુકામાંથી આવો છો તેના વિશે એટલે કે તેમાં શું પ્રખ્યાત છે ? તેનો ઈતિહાસ શું છે વગેરે, ધર્મ આધારિત સવાલ પુછાઈ શકે છે.
(UPSC પાસ કરેલા અધિકારીઓનું કહેવું છે કે મોટાભાગે તમે ભરેલા એપ્લિકેશન ફોર્મ ઉપરથી જ સવાલ કરતા હોય છે.)
→ કુલ ૨૦૨૫ માર્કમાંથી ઉમેદવારને માર્ક મળતા હોય છે.
→ પછી UPSC તેમની કેડર નક્કી કરતી હોય છે કે તમને કઈ સર્વિસ આપવી.
→ જો તમારા માર્ક સારા હોય તો તમને મનપસંદ કેડર મળે છે.

## એક UPSC પાસ કરેલો વ્યકિત કે તેની તૈયારી કરતો વ્યકિત કયાં સુધી પહોંચી શકે.

→ અરવિંદ કેજરીવાલ એ UPSC પાસ કરેલી છે. તે દિલ્હીમાં ઈન્કમટેકસ કમિશ્નર હતા. હાલમાં તે દિલ્હીના મુખ્યમંત્રી છે.
→ ભારત સરકારના વિદેશ મંત્રી એસ. જયશંકર એ UPSC પાસ કરેલી છે.
→ ભારત સરકારના પૂર્વ નાણાં મંત્રી યશવંત સિન્હા એ UPSC પાસ કરેલી છે. યશવંત સિન્હા કલેકટર હતા.
→ જો તમે પણ IAS, IPS કે બીજા કોઈ અધિકારી બની ને દેશ અને દેશના લોકો માટે કામ કરવા માગતા હોય તો તૈયાર થઈ જાવ.

કેટલી આશ્ચર્યની વાત છે કે લોકો જિંદગી વધારવા માગે છે, પણ સુધારવા નથી માગતા.

# UPSC ની તૈયારી ક્યાંથી શરૂ કરવી ?



→ UPSC ની તૈયારીની શરૂઆત NCERT થી કરવી જોઈએ જેથી કરીને તમારું બેઝિક નોલેજ કલીયર થાય.

**હિસ્ટ્રી માટે**

→ ધો. ૬ થી ૧૨ની NCERT
→ પ્રાચીન ભારતનો ઈતિહાસ
→ મધ્ય ભારતનો ઈતિહાસ
→ આધુનિક ભારતનો ઈતિહાસ વાંચવો.
→ ભારત એક ખોજ જેવા એપિસોડ જોઈ શકો.

**ભૂગોળ માટે**

→ ધો. ૬ થી ૧૨ ની NCERT
→ કરંટ અફેર્સ વાંચવું
→ ભૂગોળની કોઈ સારી બૂક વાંચવી.

**ગણિત માટે**

→ ધો. ૬ થી ૧૦ ની NCERT (ગણિતનું સામાન્ય જ્ઞાન હોવું જોઈએ, ખાલી દસમાં સુધીનું)

**પોલિટીકલ સાયન્સ માટે**

→ ધો. ૬ થી ૧૨ ની NCERT
→ એમ.લક્ષ્મીકાંતની પોલિટીકલ સાયન્સની બૂક
→ કરંટ અફેર્સ વાંચવું

**વિજ્ઞાન માટે**

→ ધો. ૬ થી ૧૦ ની NCERT (૧૧,૧૨ સાયન્સના પુસ્તક વાંચવાની જરૂર નથી છતાં તમારી પાસે સમય હોય તો વાંચી શકો છો.)
→ કરંટ અફેર્સ વાંચવું

**ગુજરાતી ભાષાનો ઈતિહાસ**

→ ગદ્ય અને પદ્ય બંને
→ રઘુવીર ચૌધરીની નવલકથા અમૃતા વાંચવી.
→ પાટણની પ્રભુતા, સૌરાષ્ટ્રની રસધાર વગેરે.

**અર્થશાસ્ત્ર માટે**

→ ધો. ૬ થી ૧૨ ની NCERT
→ રમેશ સિંઘની ઈકોનોમિકસની બૂક વાંચવી

**સમાજશાસ્ત્ર માટે**

→ ધો. ૬ થી ૧૨ ની NCERT
→ સમાજશાસ્ત્રની કોઈ સારી બૂક વાંચવી (તમને જે સરળ ભાષામાં સમજાય તે)
→ UCG ચેનલ પર મહપ્તરા સરના લેકચર જોઈ શકો છો યુ ટ્યુબ પર.

**Optional subject માટે**

→ Optional ના બે પેપર હોય છે.
→ ઘણા બધા Optional છે હું તમને ગુજરાતી ભાષાના Optional વિશે કહું.

**અંગ્રેજી માટે** → અંગ્રેજીમાં દશમાં સુધી નું ગ્રામરનું નોલેજ જોઈએ.UPSC માં અંગ્રેજીનું ૩૦૦ માર્કનું પેપર આવે છે મેઈન એક્ઝામમાં ૩૦૦ માંથી ૨૫ ટકા માર્ક પાસ થવા જરૂરી છે એટલે ૩૦૦ માંથી ૭૫ માર્ક. આ માર્ક ફાઈનલ એક્ઝામમાં ગણાતા નથી.

**કરંટ અફેર્સ વાંચવું** → યુ ટ્યુબ પરના મૃણાલ પટેલ (રામાણી કલાસીસ)ના લેકચર જોવા.

→ રાજ્યસભા ટીવી જોવી. → મહિનાનું કરંટ મેગેઝીન વાંચવું.
→ દરરોજ ન્યુઝ પેપર વાંચવુ (ધ હિન્દુ અથવા ઈન્ડિયન એક્સપ્રેસ કે બીજું કોઈ ન્યુઝ પેપર)
→ જે તમે વાંચો તેની નોટ બનાવી જેથી કરીને એક્ઝામના નજીકમાં તમે તેનું રીવીઝન કરી શકો.
→ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની બધી યોજના જાણવી.
→ ભારતના આંતર રાષ્ટ્રીય સંબંધ કેવા છે તે જાણવા, તેમની વચ્ચે કઈ ડીલ થઈ છે તે બધું જ જાણવું જરૂરી છે.
→ ભારતની મુખ્ય સમસ્યા કઈ છે ?

## કોણ UPSC નું ફોર્મ ભરી શકે ?

→ UPSCનું ફોર્મ ભરવા માટે તમારી ઉંમર ૨૧ વર્ષની હોવી જરૂરી છે.
→ તમારું સ્નાતક પૂરું થવું જોઈએ. (લાસ્ટ સેમમાં હોય તો તમે ફોર્મ ભરી શકો પણ જો તમારું ઈન્ટરવ્યૂ આવે તો તમારે સ્નાતકના માર્ક લખવાના હોય છે. જો ત્યાં સુધી માર્કશીટ મળી જાય તો ફોર્મ ભરી શકાય.)
→ કોઈ પણ વિષયમાં સ્નાતક થયેલા વિદ્યાર્થી ફોર્મ ભરી શકે.
→ લોકો એવું માનતા હોય છે કે UPSC ની એક્ઝામ તો સ્કૂલ અને કોલેજનો ટોપર જ પાસ કરી શકે.
→ ૨૦૧૭ માં UPSC પાસ કરનાર આશિષ કુમાર પણ એક એવરેજ સ્ટુડન્ટ રહયા છે. તેમના ધો. ૧૦ માં ૫૨% અને ધો.૧૨ ના ૫૫% ટકા હતા. સ્નાતક માં પણ ૫૫ ટકા હતા. છતાં તેમણે પાસ કરી. તે કુલ ૮ વખત UPSC માં ફેલ થયા હતા નવમાં ટ્રાયલ માં તે સફળ રહયા.
→ ભરૂચના હાલના કલેક્ટર ડૉ. તુષાર સુમેરા SSCમાં 50%થી ઓછા માર્કસ હતા. અંગ્રેજીમાં 35, ગણિતમાં 36 અને વિજ્ઞાનમાં 38 ગુણ હતા. છતાં પણ કઠોર પરિશ્રમ કરીને IAS બન્યા.
→ મનોજ કુમાર શર્મા ધોરણ ૧૨ માં ફેલ થયા હતા છતાં તે UPSC માં સફળ રહયા અને આઈપીએસ થયા. હાલ માં તે એસીપી છે.

હિંમત ગોંડલીયા
(એજયુકેશન એડવાઈઝર અને કારકિર્દી માર્ગદર્શક)



















ગુરૂપૂર્ણિમાની ઉજવણીના અનુસંધાને શાળામાં ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

## કેવા ગ્રહ ઉપર સજીવ સૃષ્ટિ હોઇ શકે ?

તમે પરગ્રહવાસી કે એલિયનની વાર્તાઓ વાંચી હશે, ફિલ્મો વિગેરેમાં પણ એલિયનની કાલ્પનિક વાતો જોવા મળે. જો કે હાલમાં પૃથ્વી સિવાય કોઇ ગ્રહ ઉપર સજીવ સૃષ્ટિ હોવાનું જાણવા મળ્યું નથી. વિજ્ઞાનીઓ અન્ય ગ્રહો અને સૂર્યમાળાની બહારના અવકાશી પદાર્થો પર સજીવ સૃષ્ટિ કે એલિયન વસે છે કે કેમ તેના સંશોધનો કરે છે. લાખો પ્રકાશવર્ષ દૂર આવેલા ગ્રહો ઉપર સજીવ હોય તો પણ નજરે પડે નહીં પરંતુ ગ્રહના વાતાવરણ વિગેરેનો અભ્યાસ કરી વિજ્ઞાનીઓ અંદાજ મેળવી શકે. કેવા ગ્રહ ઉપર જીવન શક્ય છે તે વિજ્ઞાનીઓ નક્કી કર્યુ છે.

કોઇ પણ ગ્રહ સૂર્યથી એટલો નજીક ન હોય કે જ્યાં તીવ્ર ગરમી પડે અને એટલો દૂર પણ ન હોય કે સખત ઠંડી પડે. ગ્રહ ઉપર પાણી હોવું જોઇએ. સજીવના શરીરનું બંધારણ કાર્બન આધારીત છે. એટલે તે ગ્રહ ઉપર કાર્બન હોવું જોઇએ. સજીવ માટે જમીન જોઇએ. કેટલાક ગ્રહો માત્ર વાદળનાં ગોળા છે. વિજ્ઞાનીઓએ આવી શરતોનું પાલન કરતાં હોય તેવા હજારો સંભવિત ગ્રહો શોધી કાઢ્યા છે. તેને એક્સ્ટ્રા સોલેટ પ્લાનેટ કહે છે. પરંતુ હજી સુધી એલિયન વસતો હોય તેવો ગ્રહ મળ્યો નથી.

દેસાઇ ઉમંગ એન., ધો. ૧૦

## ઇસરોએ ચંદ્રયાન - ૨ ના લોન્ચિંગ માટે વાપરેલા GSLV III



આઇઝેક ન્યૂટનનો જે ગતિસિદ્ધાંત નં.૩ મુજબ વિમાનના જેટ એન્જિનને action - reaction ના ધોરણે અગ્રગામી ગતિ આપે એજ સિદ્ધાંત દ્વારા રોકેટને ઉર્ધ્વગામી ગતિ પ્રાપ્ત થાય છે. એક તફાવત છે. જેટ એન્જિનના બળતણને દહન માટે જરૂરી ઓક્સિજન વાતાવરણમાંથી મળી રહે છે ,જ્યારે રોકેટમાં બળતણ સાથે ઓક્સિડાઇઝરનો બંદોબસ્ત કરવાનો રહે છે. બળતણો ઘણી જાતનાં છે. ઓક્સિડાઇઝર્સ યાને દહન માટે ઓક્સિજન મુકત કરતા સ્ત્રોતો પણ ઘણી જાતનાં બંધારણીય સ્વરૂપોવાળા છે. ઓક્સિડાઇઝરનો પુરવઠો રોકેટમાં જ એટલા માટે ભરી દેવો પડે કે અંતરિક્ષમાં હવા નથી. આ તકાદાને નજર સામે રાખી ઇજનેરો મુખ્ય ત્રણ પૈકી યોગ્ય પ્રકારના રોકેટની ડિઝાઇન પસંદ કરી શકે છે. (૧) ઘન બળતણનું રોકેટ (૨) પ્રવાહી બળતણનું રોકેટ અને (૩) ક્રાયોજેનિક રોકેટ.જુલાઇ ૨૨, ૨૦૧૯ના દિવસે ચંદ્રયાન - ૨ સાથે રવાના કરાયેલું GSLV -III ત્રણેય પ્રકારનાં રોકેટ એન્જિનોના સમન્વય વડે બન્યું છે, માટે વારાફરતી તે ત્રણેય વર્ગોનો પરિચય મેળવવા જેવો છે.

**ઘન બળતણનું રોકેટ :** સૌથી ઓછી જટિલ(અથવા સાવ પ્રાથમિક) રચના ધરાવતું રોકેટ હોય તો એ કે જેમાં ઘન બળતણ વપરાય છે. કેમિકલ એન્જિનિઅરિંગના નિષ્ણાંતો રોકેટના પોલા નળાકારમાં બળતણ + ઓક્સિડાઇઝરની રબ્બરિયા લૂગદી ભરે છે, એટલે મૂળભૂત રચના આપણા દિવાળીના રોકેટને મળતી આવે છે. દા.ત ઇસરોના નિષ્ણાંતોએ આપણા ચાર તબક્કાવાળા SLV - 3 રોકેટમાં બળતણ તરીકે એલ્યુમિનિયમનો પાવડર તથા ઓક્સિડાઇઝર તરીકે એમોનિયમ પરક્લોરેટ વાપરીને જુલાઇ ૧૮, ૧૯૮૦ ના રોજ પહેલો સેટેલાઇટ ચડાવ્યો. રોકેટની યાંત્રિક રચના તદ્દન સીધીસાદી, માટે ઇસરોને તે લોન્ચિંગ બહું સોંઘું પડ્યું.

**પ્રવાહી બળતણનું રોકેટ :** એક વાત જણાવવી રહી કે રોકેટ માટે સોલિડને બદલે લિક્વિડ ફ્યુઅલ પસંદ કરો ત્યારે સવાલ ફક્ત બળતણની ફેરબદલીનો હોતો નથી.રોકેટની યાંત્રિક રચનામાં પાયાના ફેરફારો કરવા પડે છે. ઇસરોના સંશાધકોએ વર્ષો પહેલાં SLV - 3 રોકેટના નળાકારમાં કુલ ૧૩ ટન ઘન બળતણ ઠાંસીને જામગરી દાગી, એટલે ફટાકડાના રોકેટની જમ્બો આવૃતિ જેવું ૧૭ ટનનું એ રોકેટ ૪૦ કિલોગ્રામના રોહિણી ઉપગ્રહનું સંપેતરૂં ઉંચકી સડસડાટ અંતરિક્ષમાં ચડી ગયું. આ રોકેટમાં ઝાઝા યાંત્રિક પૂરજા ગોઠવવા ન પડ્યા એ મોટો લાભ ગણાય, પરંતુ ઇસરોના સંશોધકોએ વખત જતાં પ્રવાહી બળતણનો તબક્કો/STAGE ધરાવતા PSLV રોકેટનો પ્રોજેક્ટ હાથ ધર્યો ત્યારે તેમાં સંખ્યાબંધ યાંત્રિક પૂરજા ગોઠવવાનું અનિવાર્ય બન્યું.

**ક્રાયોજેનિક રોકેટ :** સૌથી કાર્યક્ષમ રચના હોય તો ક્રાયોજેનિક રોકેટની, પરંતુ યાદ રહે કે તેમાં પણ બળતણનું સ્વરૂપ તો પ્રવાહી જ છે. એક મહત્વનો તફાવત એ કે ક્રાયોજેનિક રોકેટમાં ઓક્સિજન તથા હાઇડ્રોજન વપરાય છે. કુદરતી સ્વરૂપે એ બન્ને પદાર્થો વાયુ ખરા, પણ CRYO શીત વાતાવરણમાં તેઓ પ્રવાહી બને છે. ઇન્ડેનના બાટલામાં ભરેલા LPG લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસની જેમ બહું ઓછી જગ્યાનો મતલબ છે વધુ ઊર્જા, માટે ક્રાયોજેનિક રોકેટના એન્જિનનો વિશિષ્ટ આવેગ SPECIFIC IMPULSE વધી જાય છે. તુલનાત્મક આંકડા : ઘન બળતણનું રોકેટ સરેરાશ ૧ ટનનો ધક્કો પેદા કરવા માટે સેકન્ડદીઠ ૩.૮ કિલોગ્રામ ફ્યૂઅલ બાળે અને પ્રવાહી બળતણના રોકેટમાં ૩.૫ કિલોગ્રામ ફ્યૂઅલનું દહન થાય, તો ક્રાયોજેનિક પ્રવાહી બળતણના રોકેટને એટલી જ કાર્યશકિત પેદા કરવા માંડ ૨.૧ કિલોગ્રામ ફ્યૂઅલ જોઇએ.

વાડોદરીયા દ્રષ્ટિ સી., ધો. ૯

જે સમયને વેડફે છે સમય તેને વેડફે છે.





પ્રાથમિક વિભાગમાં ‘ઝીગ ઝેગ રેસ’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.
















શાળામાં વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃતિઓ
થકી રસપ્રદ રીતે શિક્ષણ આપવામાં આવે છે.
તેની એક ઝલક......